ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં ભિક્ષુકોની અવરજવરમાં વધારો

## જાગૃત નાગરિકો દ્વારા ભીખમાં પૈસા નહિ ખોરાક-પાણી આપવાની અપીલ : મુંબઈ, પુના અને પુરા મહારાષ્ટ્રમાં 'ભીખમાં CASH આપવાનું બંધ' અભિયાન શરુ થયું

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એટલે શિક્ષણની નગરી... વિવિધ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, સરકારી ઓફિસો, પ્રાઈવેટ ઓફિસોથી માંડી દરેક પ્રકારના વ્યવસાયને લગતી પ્રવૃતિઓ શહેરમાં થાય છે. ગાંધીનગરાઓ મહેનત કરીને કમાવવામાં માનવાવાળા નાગરિકો છે. શહેરમાં નાના માણસોથી માંડી દરેક વયજૂથના માણસો નાના-મોટા કામ-ધંધા કરીને કમાવવાની વૃત્તિવાળા જોવા મળે છે ત્યારે વર્ષોથી જે ગાંધીનગરમાં ભિખારી જૂથ કયાંય આંખે નહોતો વળગતો તે વર્તમાન સમયગાળામાં ઘણી બધી જગ્યાએ શહેરમાં જોવા મળે છે. ગાંધીનગરમાં જયારથી ચાર રસ્તાઓ ઉપર ટ્રાફિક સિગ્નલો લગાવાયા છે ત્યારથી ભિખારી જૂથની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે જાગૃત નાગરિકો દ્વારા સમાજના નાગરિકોને સાવધાન કરવા માટે વિવિધ સકારાત્મક વિચારો સોશિયલ મિડીયા થકી મુકવામાં આવી રહ્યા છે અને જનતાને સાવધાન થવાની અપીલ કરવામાં આવી રહી છે.



ભિખારી જૂથને ભીખમાં પૈસા આપવાનું બંધ કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. જેમાં ભિખારીને ભોજન અને પાણી આપો પરંતુ રોકડા રૂપિયા નહીં આપવા માટે અપીલ કરી છે. આ બાબતે મુંબઈ, પુના, અને પુરા મહારાષ્ટ્રમાં એક અલગ આંદોલન શરૂ થયું છે. કોઈ પણ પ્રકારનો વ્યકિત ભીખ માંગે તો રોકડા સિવાય, કપડા, ખાવાની વસ્તુ કે પાણી આપવું પરંતુ રૂપિયાની ભીખ નહિ આપવાની ત્યાં અપીલ કરવામાં આવી રહી છે.

આ અભિયાન થકી આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજયભરના ભિખારીઓનો સમૂહ તુટી જશે અને બાળકોના અપહરણ પણ આપોઆપ બંધ થઈ જશે. આ પ્રકારના સમૂહ દુનિયામાં ખાલી થઈ જશે. ગાડી અથવા સ્કૂટરની ડેકીમાં બે ત્રણ બિસ્કીટના પેકેટ રાખવા અને ભિખારી વર્ગને તે આપવાનો આગ્રહ રાખવો કારણ કે માતા પિતાના કાળજાના ટુકડાનું અપહરણ થતું રોકવામાં આ પ્રક્રિયા પણ ખૂબ યોગ્ય સાબિત થશે. નાના બાળકોના અપહરણમાં આવા અસામાજિક તત્વોના જૂથ ઠેર ઠેર ફરતા હોય છે. કોઈ પણ પરિવેશમાં ફરતા આ અસામાજિક તત્વો નાના બાળકો માટે ખતરાની ઘંટી સમાન છે તેથી ભિખારી જૂથને અટકાવવા માટે શહેરની જાગૃત જનતાએ રોકડા આપવાનું ટાળવું જોઈએ અને દયા ડાકણને ખાય તેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે હંમેશા સતર્ક રહેવું જોઈએ.

## જન્મદિને વધામણી




ધ્વનિ મયુર શાહ



ડો. નિકુંજ પિયુષભાઈ શાહ
મો. ૯૭૨૬૭ ૬૦૬૦૫



શૌર્ય ધીરજ પ્રજાપતિ
મો. ૯૦૨૩૧ ૪૨૨૯૬



ગૌરવ પટેલ

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ૧૦ હજાર રમકડાં એકઠા કરીને ગરીબ બાળકોને વહેંચવા ઝુંબેશ

## ટૉય ડોનેશન ડ્રાઈવમાં રમકડાં દાન કરવા ટૉય ઈનોવેશન વિભાગની અપીલ

ગાંધીનગર, તા.૧૯

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. 'દરેક બાળકને રમકડાંના માધ્યમથી આનંદ સાથે શિક્ષણ મળવું જોઈએ' તેવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે આપેલી પ્રેરણાથી, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં ટૉય ઈનોવેશન વિભાગ અને સમાજકાર્ય વિભાગ દ્વારા મેગા ટૉય ડોનેશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગરીબ અને વંચિત બાળકો માટે ૧૦ હજાર રમકડાં એકઠા કરવાનો લક્ષ્યાંક છે. અત્યાર સુધીમાં ૩૫૦૦ જેટલાં રમકડાં એકત્ર થયા છે. આગામી સમયમાં ઝુંબેશમાં એન.જી.ઓ. તેમજ સામાજિક-ધાર્મિક સંગઠનોને જોડવામાં આવશે.

આ અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઈન્ડિક સ્ટડીઝના ડાઈરેક્ટર ડૉ. નિમિશ વસોયાએ જણાવ્યું કે, એક તરફ અનેક એવા પરિવારો છે, જેમાં બાળકો મોટાં થઈ ગયાં છે અને તેમનાં રમકડાં એમને એમ પડી રહ્યાં છે. બીજી તરફ રાજ્યમાં એવા ગરીબ-વંચિત પરિવારો છે, જેમના બાળકોએ રમકડાં જોયાં પણ નથી. આવા બાળકો સુધી રમકડાં પહોંચાડવા અને રમકડાંથી રમવાના આનંદ સાથે તેમને રમતાં-રમતાં શિક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે ટૉય ડોનેશન ડ્રાઈવ શરૂ કરી છે. આમ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સમાજના બે ભાગ વચ્ચે સેતુરૂપ કાર્ય કરી રહી છે. યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓ વિવિધ વિસ્તારોમાં જઈને લોકોને તેમના પડી રહેલાં, બિનઉપયોગી રમકડાં દાન કરવા માટે સમજાવે છે. આ સાથે ડૉ. વસોયાએ ગરીબ બાળકો માટે રમકડાં દાન કરવાની આ ઝુંબેશમાં સૌને જોડાવા અપીલ કરી છે.



ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીના ટૉય ઈનોવેશન તથા સમાજકાર્ય વિભાગ દ્વારા આ ડ્રાઈવ આગામી ૨૪મી એપ્રિલ સુધી ચાલશે. આ ઝુંબેશ દરમિયાન એકત્ર થયેલા રમકડાં બાદમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વસતાં ગરીબ-વંચિત પરિવારોનાં બાળકોને પહોંચાડવામાં આવશે.

## ૨૧ એપ્રિલે હાટકેશ્વર મહાદેવની શિખર સ્થાપના તથા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શ્રી હાટકેશ્વર મહાદેવના શિવાલયની શિખર સ્થાપના તથા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામા આવ્યું છે. જે ૨૧ એપ્રિલે સવારે ૮ થી સાંજે ૬ કલાક સુધી આ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં કુટિર હોમ સવારે ૮ કલાકે, શિખર પ્રતિષ્ઠા સવારે ૧૦.૧૫ કલાકે, યજ્ઞ સવારે ૯.૩૦ કલાકે, મૂર્તિ પ્રતિષ્ઠા ૧૨.૩૯ કલાકે અને સાંજે ૬ કલાકે પ્રસાદ ભોજનનુ આયોજન કરવામાં આવ્યું છે. સરઢવ સમસ્ત નાગર સેવા સમાજ મંડળ દ્વારા આ મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. આ મહોત્સવમાં નાગર પરિવારના મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાશે.



ચૈત્ર મહિનાના પાવન દિવસોમાં મિતાબેન વિનોદભાઈ રાવલ પરિવાર, પાલજના મનોરથ થી નવ દિવસિય 'શ્રીમદ દેવીભાગવત કથા'નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. પાલજ ગામનાં આગણે માં મહાકાળીના સાનિધ્યમાં આ કથા ગાંધીનગરના સુપ્રસિદ્ધ કથાકાર ગોસ્વામી સંજયભારતીબાપુની વ્યાસ પીઠે કથા યોજાઈ હતી. સમગ્ર ગ્રામજનો મહાકાળી મંદિરના ટ્રસ્ટી, પુજારી અને કથા શ્રવણ કરવા પધારેલા તમામ ભક્તો નો આભાર ચિરાગ રાવલે વ્યક્ત કર્યો હતો.

# નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા '૨૨ એપ્રિલ—વિશ્વ ધરતી દિવસ' ની ઉજવણી અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત કાઉન્સીલ સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક પ્રવુત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિઓમાં કેટલાક મહત્વના દિવસોની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલ ધરતી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વના બધા દેશો આ દિવસે વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજીને ધરાની માવજત માટે કટીબધ્ધ બની રહેવા માટે સંકલ્પો લે છે. આપણા ગરવી ગુજરાતના વિક્રમ સવંત વર્ષના માસ વૈશાખની ત્રીજ (અખાત્રીજ)ના દિવસે ખેડૂતો દ્વારા ખેતરમાં ધરાનું પૂજન કરવાનો વરસો જુનો રીવાજ છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગ રૂપે વિવિધ જન-જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૨૨ એપ્રિલ ના રોજ ૨:૦૦ થી ૪:૦૦ દરમિયાન વી.પી.એમ.પી.પોલીટેકનીક, સેક્ટર-૧૫ના એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ધરતી દિવસની ઉજવણી ચોક્કસ વિષય આધારિત કરવામાં આવે છે. આ વર્ષનો વિષય **"Invest in our Plan[a]"** છે. જેનો ભાવાનુવાદ "આપણી ધરતી માતાની માવજત માટે રૂડું રોકાણ કરીએ" તેવો થાય છે. આ વિષયને અનુલક્ષીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જે.એમ.બારોટ, પૂર્વ સભ્ય સચિવ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને પૂર્વ નિયામક, ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થાન કે જે ઓએ વર્ષો સુધી પર્યાવરણ અને જળ ક્રાંતિ ક્ષેત્રે કામ કર્યું છે. નરેશ ઠાકર- પૂર્વ પી.આર.ઓ- જી.પી.સી.બી.- ગાંધીનગર, શ્રી પાવન ભટ્ટ, પ્રિન્સીપાલ, વી.પી.એમ.પી. પોલીટેકનીક, ગાંધીનગર, ડૉ.અનીલ પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી- નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં વી.પી.એમ.પી કોલેજમાં ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૬૦ જેટલા અધ્યાપકો જોડાશે. ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી નાગરિકોને આ કાર્યક્રમમાં જોડાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ભાવભર્યું આમંત્રણ છે.

## રોટરી કલબ ઓફ કેપિટલ અને જલીયાણ ગ્રુપ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ



ગાંધીનગર, તા.૧૯

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને જલીયાણ સેવા ગ્રુપ દ્વારા મુક્તિધામ (સ્મશાન), આદર્શ નિવાસી કન્યા શાળા - સે. ૮, એચઆઈવી બાળકોની સંસ્થા સે. ૧૯, અંધ શાળા - સે. ૧૬, બહેરા-મૂંગા શાળા, સે. ૨૮, આંગણવાડી સે. ૨૪, આંગણવાડી સે. ૨૭, આંગણવાડી સે. ૩૦ સહિત જરુરીયાતમંદ લોકોને ૧૫૦ કિલો ચીકૂ અને ૩૦ કિલો ટેટીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## કામધેનુ યુનિવર્સિટી દ્વારા નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પનું આયોજન




ગાંધીનગર, તા.૧૯

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા તા. ૧૯-૦૪-૨૦૨૨ના રોજ કેશરપુરા (જી. સાબરકાંઠા) ગામ ખાતે એક નિઃશુલ્ક 'પશુ સારવાર અને કૃમિ નિવારણ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં વિસ્તરણ નિયામકશ્રીની કચેરી સાથે રાજપુર (નવા) ખાતેની વેટરનરી હોસ્પિટલના તજજ્ઞો તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓએ પણ સેવાઓ આપી હતી. આ કેમ્પમાં ગાય, ભેંસ, ઘેટા અને બકરાના (કુલ મળીને ૨૯૪ જેટલા પશુઓના) સામાન્ય રોગોની સારવાર કરવામાં આવી હતી, કૃમિનાશક દવાઓ પીવડાવવામાં આવી હતી તથા પશુઓનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે ક્ષારમિશ્રણ (મીનરલ મીકસ્ચર) પાવડરનું પણ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા આજરોજ સુપોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલ ભાજપાના રાજયવ્યાપી સામાજિક ન્યાય પખવાડિયા અન્વયે ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા સુપોષણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં આશાવર્કર તેમજ આંગણવાડીના બહેનોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા. આજરોજ યોજાયેલ સુપોષણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં.૩ માં આદિવાડા ખાતે આયોજિત કાર્યક્રમમાં મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા કિશોરીઓને સેનેટરી નેપકીન, ધાત્રી માતાઓને બાળકોનાં કપડાં, કુપોષિત બાળકોને પ્રોટીન પાવડરનું વિતરણ કરાયું હતું.



આ પ્રસંગે મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીઓ ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહિલા મોરચાના પ્રમુખ પ્રિયા પટેલ, કોર્પોરેટરો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આદિવાડા ખાતેના કાર્યક્રમમાં ઋષિવંશી ટ્રસ્ટ દ્વારા નાસ્તાની વ્યવસ્થા, પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર દ્વારા કિશોરીઓને સેનેટરી નેપકીન, મહાનગર મહિલા મોરચાના મહામંત્રી હર્ષાબા દ્વારા કપડા આપવામાં આવ્યા હતા.

વિવિધ વોર્ડમાં ભાજપા સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરોએ આંગણવાડીમાં આશાવર્કર તેમજ આંગણવાડીના બહેનોને સર્ટિફિકેટથી સન્માનિત કરવા ઉપરાંત બાળકોને પૌષ્ટિક ફળફળાદીનું વિતરણ કર્યુ હતું.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિમાં આનંદનો ગરબો યોજાયો હતો.

## ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ કર્મચારી એસો.ની નવી કારોબારી કમીટીની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનની વર્ષ ૨૦૨૨ની મળેલી સામાન્ય સભામાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે ડી.પી. રાવળની તથા મહામંત્રી પદે હરજીવન દવેની અને ઉપપ્રમુખપદે વિપુલકુમાર પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તથા જે.એફ. પરમાર ખજાનચી તરીકે, પી.પી. નાટક, એન.પી. ભાટી, ગેમરભાઈ દેસાઈ, કે.સી. પરમાર, આર.જી. જેઠવા, સવિતા વાઘેલાની નવા કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ રામાભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૭૯, સેકટર-૩૦
- સ્વ. પટેલ જશુભાઈ રાવજીભાઈ, ઉ.વ. ૬૬, કુડાસણ
- સ્વ. મહેતા રમેશચંદ્ર હરીભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૩
- સ્વ. ઠાકોર ઢબુબેન કાન્તીજી, ઉ.વ. ૭૩, શિહોલી મોટી

# વૃક્ષારોપણ પહેલા યોગ્ય સ્થળની પસંદગી સુયોગ્ય રહેશે

## વૃક્ષોની વાવણી માટે કેવા વૃક્ષો પસંદ કરવા અને કેવી જગ્યા પસંદ કરવી તે પણ એક પ્રાથમિકતા છે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એટલે ગ્રીનસીટી હરિયાળા નગર તરીકે ઓળખાતા આ ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વધારે છે. સાથે સાથે વૃક્ષ પ્રેમીઓની સંખ્યા પણ અઢળક છે. તેથી જ તો પાટનગરમાં વૃક્ષો ચારેય કોર નજરે ચઢે છે. ગાંધીનગરમાં કોઈ ઘર એવું બાકી નહીં હોય જયાં વૃક્ષ જોવા મળતું ન હોય. ગાંધીનગરાઓમાં એટલી બધી જાગૃતિ છે કે વૃક્ષોની કાપણી અટકાવવા માટે તેઓ વિરોધ પ્રદર્શન અને એક જૂથ થઈને જવાબદાર તંત્ર સામે અવાજ ઉઠાવે છે ત્યારે ગાંધીનગરમાં માત્ર વૃક્ષારોપણ એક દિવસ પુરતું જોવા મળતું નથી અહીંયા તો વાર તહેવારે વૃક્ષપ્રેમી જનતા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવે છે ત્યારે વૃક્ષારોપણ માટે કેવા કેવા ઝાડ પસંદ કરવા જોઈએ અને કયાં કેવા ઝાડ વાવવા જોઈએ તે અંગે કેટલીક માહિતી જોઈએ. જેમાં વિશાળ જગ્યાએ વાવી શકાય તેવા વૃક્ષોમાં વડ, પીપળો, લીમડો, દેશી આસોપાલવ, બકાન લીમડો, ગુલમહોર, ગરમાળો, શેમળો, સેવન, મહુડી, પીલુ, ઉંબરોનો સમાવેશ કરી શકાય છે.

દેશી આંબો, ચીકુ, જામફળ, રાયણ, રૂખડો, કોઈ પણ ફળફળાદિને ખાલી જગ્યા જેમાં પાર્કીંગ ન હોય તેવી જગ્યાએ વાવી શકાય છે.



આમળા, બોર, જાંબુ, શેતૂર, સીતાફળ, દેશી આસોપાલવ, બિલી, શીમળો, સેવન, સરગવો વિગેરેને કોટ કે દિવાલની નજીક વાવી શકાય તેવા ઝાડ છે.

ગૂંદા, ફાલસા, મોટી બોરડી, કરમદા, મીઠો લીમડો, ચંપો જે નાનાથી મધ્યમ ઝાડ છે. તથા પક્ષીઓને ધ્યાનમાં રાખીને વાવવા યોગ્ય વિવિધ વૃક્ષોમાં શીમળો (૨૦ થી ૨૫ જાતના પંખી માટે), કેસૂડો, આસોપાલવ (કોયલ, બુલબુલ, વાગોળ, વાંદરા, ખિસકોલી), બોરસલી (કોયલ, બુલબુલ, પોપટ, કાગડા, કંસારા, ખિસકોલી), દેશી બાવળ (સૂકી કે પથરાળ જગ્યાએ પણ થાય) નદી કાંઠે, ખાડીની નજીક થાય તે પક્ષીઓ માટે આદર્શ આશ્રય સ્થાન છે.

વર્તમાન સમયને જોતા ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં વૃક્ષોની હયાતી ખૂબ ઉપયોગી અને રાહતદાયી બને છે. બપોરના તડકામાં રાહદારીઓ ઘટાટોપ વૃક્ષોના છાંયડાની નીચે જઈને આરામ કરવાનું પસંદ કરતા હોય છે. વૃક્ષોનું સાચું મહત્વ ઉનાળાની ગરમીમાં સમજાય છે. ગાંધીનગરની ગ્રીનરીને સાચવવા માટે દરેક નાગરિકે અલગ અલગ વિસ્તાર મુજબ વૃક્ષોની પસંદગી કરવી જોઈએ. ગાંધીનગરમાં જેમ લીમડાના વૃક્ષોની સંખ્યા વધારે છે તેના પ્રમાણમાં વડના વૃક્ષ ઓછા જોવા મળી રહ્યા છે. આમ, શહેરીજનોએ વિસ્તારની પસંદગી કરીને યોગ્ય વૃક્ષોની પસંદગી કરીને વૃક્ષારોપણને સાર્થક કરવું જોઈએ.